# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day  : Saturday** **National News**

### આકાશવાણી સમાચાર નિશા શ્રીમાળી વાંચે છે.

*****************************************************

- ✓ ભારત અને બાંગ્લાદેશે આજે બંને રાષ્ટ્રોની સમૃધ્ધિ માટે કનેક્ટીવિટી , વાણિજ્ય અને પારસ્પિર સહયોગ વધારવા વિઝન દસ્તાવેજનું આદાન પ્રદાન કર્યું
- ✓ નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવાતી પરીક્ષાઓને પારદર્શક અને વધુ અસરકારક બનાવવા માટે સાત સભ્યોની કમિટીની રચના
- ✓ જીએસટી પરિષદની 53મી બેઠકમાં સામાન્ય લોકોને લાભ આપનારા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા..
- ✓ કેરળ, કર્ણાટક તેમજ ગોવામાં ભારેથી અતિભારે વરસાદની  હવામાન વિભાગની આગાહી
- ✓ તૂર્કીમાં ચાલી રહેલી તિરંદાજીની વર્લ્ડ કંપાઉન્ડ ઇવેન્ટમાં ભારતીય મહિલા ટીમે સુવર્ણ ચંદ્રક જીત્યો
- ✓ ટી-20 વિશ્વકપમાં ટોસ જીતીને બાંગ્લાદેશે ભારતને બેટીંગ આપ્યુ

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIA BANGLADESH

ભારત અને બાંગ્લાદેશે આજે બંને રાષ્ટ્રોની સમૃદ્ધિ માટે કનેક્ટિવિટી, વાણિજ્ય અને સહયોગ વધારવા માટે ભવિષ્ય માટેનું વિઝન શેર કર્યું છે. આ વિઝન ડોક્યુમેન્ટ ભારતના વિકસીત ભારત વિઝન 2047 અને બાંગ્લાદેશના સ્માર્ટ બાંગ્લાદેશ વિઝન 2041ને પ્રતિબિંબિત કરે છે.

આજે નવીદિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના બાંગ્લાદેશી સમકક્ષ શેખ હસીના વચ્ચે આ દસ્તાવેજોનું આદાન પ્રદાન કરવામાં આવ્યુ હતું. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો બાદ પત્રકારોને સંબોધતા ભારતીય વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ કહ્યું કે બંને દેશોએ ડિજિટલ પાર્ટનરશિપ અંગેના સમજૂતીના કરારના દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા છે.

ટકાઉ ભવિષ્ય માટે ગ્રીન પાર્ટનરશિપ દસ્તાવેજ પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે બંને પક્ષોના નેતાઓએ આતંકવાદ વિરોધી, કટ્ટરવાદનો સામનો કરવા અને બંને દેશો વચ્ચેની લાંબી જમીની સરહદ પર શાંતિ યથાવત રહે તે માટેના પ્રયાસોને વધુ બળવત્ત બનાવવા ઉપર ભાર મૂક્યો હતો.

# PREZ- HASINA MEET

બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ આજે નવીદિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી. વડાપ્રધાન શેખ હસીનાનું સ્વાગત કરતાં, રાષ્ટ્રપતિએ કહ્યું કે નવી સરકારના શપથ ગ્રહણ સમારોહના થોડા દિવસો પછી, તેમને ફરીથી મળીને આનંદ થયો.

રાષ્ટ્રપતિએ કહ્યું કે 1971ના બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામની યાત્રાથી શરૂ થયેલી મિત્રતા અને સહકારની ભાવના આવી વારંવારની મુલાકાતો સંબધઓને વધુ મજબૂત બનાવે છે. રાષ્ટ્રપતિએ નોંધ્યુ હતું કે વડાપ્રધાન શેખ હસીનાના નેતૃત્વમાં બાંગ્લાદેશે નોંધપાત્ર આર્થિક પ્રગતિ કરી છે.

વાતચીત દરમિયાન, બંને નેતાઓ આર્થિક સંબંધો, વિકાસ ભાગીદારી, સંરક્ષણ સહયોગ, ઉર્જા સુરક્ષા અને કનેક્ટિવિટી સહિતના તમામ ક્ષેત્રોમાં સંબંધોને વધારવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

# REV..NTA COMMITTEE

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા પરીક્ષાઓનું પારદર્શક, સરળ અને ન્યાયી સંચાલન સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે નિષ્ણાતોની ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરી છે. સાત સભ્યોની સમિતિની અધ્યક્ષતા ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. કે. રાધાકૃષ્ણનને કરશે.. કાર્યક્ષમતા વધારવા અને છિંડા શોધવા અને તેને અટકાવવા ડેટા સુરક્ષા પ્રોટોકોલમાં સુધારો કરવા અને એજન્સીની રચનાઅને કામગીરીની સમીક્ષા કરવા NTAની પરીક્ષા પ્રક્રિયામાં સુધારાની ભલામણ કરવાનું કામ આ સમિતિને સોંપવામાં આવ્યું છે. પેનલ હાલની પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરશે, સુધારાઓનું સૂચન કરશે અને NTAમાં સ્પષ્ટ ભૂમિકાઓ અને જવાબદારીઓને નિશ્ચિત કરશે. સમિતિ વર્તમાન ફરિયાદ નિવારણ પદ્ધતિનું પણ મૂલ્યાંકન કરશે અને તેના અપગ્રેડેશનની દરખાસ્ત કરશે.

સમિતિને તેનો અહેવાલ મંત્રાલયને સોંપવા માટે બે મહિનાનો સમય આપવામાં આવ્યો છે.સમિતિના સભ્યોમાં એઈમ્સના દિલ્હીના ભૂતપૂર્વ ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયા, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના વાઇસ ચાન્સેલર પ્રો. B. J. રાવ, IIT મદ્રાસના પ્રોફેસર એમેરેટસ પ્રો. રામામૂર્તિ કે., અને IIT દિલ્હીના વિદ્યાર્થી બાબતોના ડીન પ્રો. આદિત્ય મિત્તલનો સમાવેશ કરાયો છે.. સમિતિની રચના પછી, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે વિદ્યાર્થીઓના હિત અને તેમનું ઉજ્જવળ ભવિષ્ય હંમેશા સરકારની ટોચની પ્રાથમિકતા રહેશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી. પ્રધાને કહ્યું કે સરકાર પારદર્શક, ચેડામુક્ત અને ત્રુટીવિહીન પરીક્ષાઓ માટે પ્રતિબદ્ધ છે.

# PRE BUDGET

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે કહ્યું છે કે કેન્દ્ર સરકાર તરફથી સમયસર ટેક્સ ડિવોલ્યુશન, ફાઇનાન્સ કમિશન ગ્રાન્ટ્સ અને GST વળતરની બાકી રકમ રાજયોને સમયસર મળતા રાજ્યોમાં આર્થિક વૃદ્ધિને વેગ મળી રહ્યો છે.

નવી દિલ્હીમાં કેન્દ્રીય બજેટ 2024-25 માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ સાથે પૂર્વ-બજેટ પરામર્શની બેઠકની નિર્મલા સીતારમણે અધ્યક્ષતા કરી હતી સીતારમણે કેન્દ્ર સરકારની 'મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના'નો લાભ લેવા માટેપણ પ્રોત્સાહિત કર્યા હતા.

આ બેઠકમાં કેન્દ્રીય નાણારાજ્ય મંત્રી પંકજ ચૌધરી, ગોવા, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને સિક્કિમના મુખ્યમંત્રીઓ અને બિહાર, મધ્યપ્રદેશ, ઓડિશા, રાજસ્થાન અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ સહિત અન્ય રાજ્યોના નાણા મંત્રીઓ સામેલ થયા હતા.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# GUJARAT- DRUGS

ગુજરાત પોલીસે અમેરિકા, ઇંગ્લેન્ડ, અને કેનેડા જેવા દેશોમાંથી આવતા કુરિયર્સમાંથી કરોડ રૂપિયાના કિંમતનો હાઇબ્રિડ ગાંજાની સાથે માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો છે.

અમેરિકા, ઇંગ્લેન્ડ, કેનેડા જેવા દેશોમાંથી મોકલવામાં આવેલા લગભગ 58 કુરિયર્સમાં રમકડાંની વસ્તુઓમાં છુપાયેલ આશરે 11 કિલોગ્રામ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને કસ્ટમ વિભાગે ગઈકાલે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને સ્નિફર ડોગ્સની મદદથી શંકાસ્પદ કુરિયર્સને અલગ કર્યા હતા.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 4 દિવસ માટે કેરળ, કર્ણાટક અને ગોવામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આજે કેરળનાં 6 જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ તો આવતીકાલે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જયારે કેરળનાં દરિયાકાંઠાના ઘણાં વિસ્તારોમાં ભારે દરિયાઈ મોઝા ઉછળવાની આગાહીને પગલે માછીમારોને દરિયો નહિ ખેડવાની તાકીદ કરાઈ છે.

હવામાન વિભાગે જણાવાયું છે કે પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા અને આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના રહેલી છે. આ ઉપરાંત પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં આગામી બે – ત્રણ દિવસથી ગરમીની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા છે.

# UAPA-J&K

ગેરકાનૂની પ્રવૃત્તિઓ(નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલે આજે જમ્મુ કાશ્મીરના બે પ્રતિબંધિત જૂથો એવા મુસ્લિમ લીગ (મસરત આલમ જૂથ) અને તહરીક-એ-હુર્રિયત પર પાંચ વર્ષનોપ્રતિબંધ લાદવાના કેન્દ્રના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો..

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ સચિન દત્તાની એક સભ્યની ટ્રિબ્યુનલની રચના જાન્યુઆરીમાં આતંકવાદ વિરોધી કાયદા હેઠળ કરવામાં આવી હતી. આ બંને જૂથો પર પ્રતિબંધ લાદવા પાછળના પર્યાપ્ત કારણો છે કે નહી તે નિશ્ચિત કરવા માટે આ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી હતી. આ ટ્રિબ્યુનલે કેન્દ્ર સરકારના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્ર વિરોધી અને અલગતાવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના કારણે ગયા ડિસેમ્બરમાં UAPA હેઠળ સરકાર દ્વારા બંને સંગઠનોને પાંચ વર્ષ માટે ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતા. .

# ARCHERY--GOLD.rtf

ભારતની જ્યોતિ સુરેખા વેન્નમ, પ્રનીત કૌર અને અદિતિ સ્વામીએ તુર્કીમાં તીરંદાજી વર્લ્ડ કપ 2024માં કમ્પાઉન્ડ ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે. ભારતીય મહિલા ટીમે આજે એસ્ટોનિયાને 232 - 229થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. આ જીત સાથે, ભારતીય ટીમે આ સિઝની કમ્પાઉન્ડ ઇવેન્ટમાં ત્રણેય વર્લ્ડ કપ સુવર્ણ ચંદ્રક જીત્યા છે..

અગાઉ, વિશ્વની નંબર વન રેન્ક ધરાવતી ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે શાંઘાઈમાં વર્લ્ડ કપ 2024 સ્ટેજ વન કેટેગરીમાં ઇટાલીને હરાવ્યું હતું, જ્યારે સ્ટેજ બે કેટેગરીમાં ભારતે યેચેઓનમાં ફાઇનલમાં કોરિયા રિપબ્લિકને હરાવ્યું હતું..

# T20-WORLD-CUP

ટી-20 વિશ્વકપમાં આજે થોડીવારમાં મહત્વપૂર્ણ મુકાબલો આરંભાશે.. એન્ટિગુઆનામાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મેચ રમાવા જઇરહી છે. બાગ્લાદેશે ટોસ જીતીને પહેલી ફિલ્ડિંગ પસદ કરી છે. ભારતને બેટીંગ સોપ્યુ છે.. ત્યારે સુપર એઇટના આ મહત્વપૂર્ણ મુકબલો જામશે.. ભારત તેની સુપર એઇટની એક મેચ જીતી ચૂક્યું છે..

# MUMBAI STUDENT DEATH

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લમાં ધારાવી નદીમાં ડૂબી જવાને કારણે મુંબઈના ચાર કોલેજના વિદ્યાર્થીઓના મોત થયા હતા. આ ઘટના ગઈકાલે સાંજે બની હતી જ્યારે વિદ્યાર્થીઓનું એક જૂથ નજીકના રાયગઢ જિલ્લામાં સોનડાઈ કિલ્લાની મુલાકાતે ગયું હતું. કિલ્લાની મુલાકાત બા સોંદેવાડી ગામ નજીક ધવરી નદીમાં વિદ્યાર્થીઓ ન્હાવા ગયા હતા.

દરમિયાન એક વિદ્યાર્થી નદીમાં ડુબવા લાગ્યો હતો જેને બચાવવાના પ્રયાસમાં અન્ય ત્રણ વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો હતો.. 22 વિદ્યાર્થીઓ અને અને 15 વિદ્યાર્થિનીઓ સહિત 37નું જૂથ પિકનિક પર ગયું હતું જે દરમિયાન આ બનાવ બન્યો હતો.